**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧/૮/૨૦૦૯ ને શનિવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૪ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | કમિશ્નરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | મુખ્ય નગરનિયોજકશ્રી,<br>ગુજરાત રાજ્ય<br>ગાંધીનગર | : | સભ્યશ્રી |
| (૪) | સીટી એન્જીનીયરશ્રી,<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૫) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા જિલ્લા પંચાયત<br>વડોદરા | : | આમંત્રિત સભ્યશ્રી |
| (૬) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર (૧) :** સત્તામંડળની તા.૫/૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૫/૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૪૯૭/૦૯ તા.૧૬/૬/૨૦૦૯ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૬):** સત્તામંડળની તા.૫/૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૩૦/૧૨/૦૮ ની ૨૦૨ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૩૦/૧૨/૦૮ ની ૨૦૨ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૭):** સત્તામંડળની તા.૩૦/૧૨/૦૮ ની ૨૦૨ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૦૯ થી મે- ૨૦૦૯ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૦૯ થી મે- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૮):** સત્તામંડળના માહે એપ્રીલ-૨૦૦૯ થી મે- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૪) : માધવ લેબર સપ્લાયર ધ્વારા લેવાતી સેવાઓની મુદતમાં વધારો કરવા બાબત.**

સત્તામંડળની તા.૨૮/૮/૨૦૦૮ ની ૨૦૧ મી બેઠકના **ઠરાવ ક્રમાંક (૧૯૨૨)** થી વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયરની સેવાઓ જુલાઈ-૨૦૦૯ સુધી ચાલુ રાખવા ઠરાવવામાં આવેલ છે.

હાલમાં માધવ લેબર સપ્લાયર મારફતે કુલ-૧૩ વ્યક્તિઓની સેવાઓ લેવામાં આવે છે. સદર વ્યક્તિઓની જુદી-જુદી શાખાની કામગીરી માટે જરૂરીયાત રહેતી હોય તેઓની સેવાઓ ચાલુ રાખવી યોગ્ય જણાય છે.

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયરની સેવાઓ જુલાઈ-૨૦૦૯ પછી એટલે કે માર્ચ-૨૦૧૦ સુધીના સમય માટે ચાલુ રાખવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૯):** વુડા ખાતે લેવાતી માધવ લેબર સપ્લાયર્સની સેવાઓ વધુ સમય માટે એટલે કે માર્ચ-૨૦૧૦ સુધીના સમય માટે ચાલુ રાખવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૫) : વુડાની માલિકીના વડોદરા કસ્બા ફતેગંજ વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીનના નિકાલ બાબત**

સરકારશ્રીના મહેસુલ વિભાગના હુકમ ક્રમાંક યુએલસી/૨૩૮૮/૭૪૯૯/વ/૧ તા.૧૬/૩/૮૯ થી વડોદરા શહેરી સંકુલમાં ફતેગંજ વિસ્તારમાં વડોદરા કસ્બાના ટીકા નંબર ૧/૯ ના સી.સ.નં.૨/૧૩/૧ ની ૫૬૮ ચો.મી. વુડાને ફાળવવામાં આવેલ છે. સદરહુ જમીનનો કબજો વુડાએ તા.૧૯/૪/૯૫ ના રોજ સંભાળેલ છે.

ભારત સરકારના સાહસ એન.ટી.પી.સી.લી. એ સત્તામંડળની માલિકીની મોજે ફતેગંજના વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીન ઓફીસ કમ ગેસ્ટ હાઉસ માટે મળવા માંગણી કરેલ છે અને તે માટે તેઓએ સત્તામંડળને સદર જમીનની ઓફર કિમંત જણાવવા માંગણી કરતા સત્તામંડળની તા. ૫/૦૬/૨૦૦૯ ની ૨૦૩ મી બેઠકમાં તા.૩૦/૧૨/૨૦૦૮ ની પ્રાઈસ કમિટિ એ નકકી કરેલ રૂા. ૧૨૦૦૦/- પતિ ચો.મી. ની કિમંતે એન.ટી.પી.સી. લી. ને સવાલવાળી જમીન વેચાણ આપવા અંગે ઓફર આપવી કે કેમ ? તે અંગે નિર્ણય માટે મુદદો રજુ કરાતાં **ઠરાવ ક્રમાંક (૧૯૫૨) થી સવાલવાળી જમીનનું ફરીથી વેલ્યુએશન કરાવી હવે પછીની બોર્ડ બેઠકમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ તેમજ આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.**

સત્તામંડળના ઉપરોકત નિર્ણય અન્વયે તા. ૧/૦૮/૦૯ ના રોજ મળનાર પ્રાઈસ કમિટિ ની બેઠકમાં સવાલવાળી જમીન ની કિમંત નવેસરથી કિમંત નકકી કરવા મુદદો રજુ કરવામાં આવેલ છે

ઉપરોકત હકીકત દયાને લઈ સત્તામંડળની માલિકીની મોજે ફતેગંજના વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીન નો તા.૦૧/૦૮/૦૯ ની પ્રાઈસ કમિટિ નકકી કરે તે કિમંતે અને શરતોએ નિકાલ કરવા નિર્ણય લેવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ..

**ઠરાવ ક્રમાંક (૧૯૭૦):** સત્તામંડળની માલિકીની મોજે ફતેગંજના વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીન માટે ભારત સરકારના સાહસ એન.ટી.પી.સી.લી. ની માંગણી આવી છે. તા.૦૧/૦૮/૦૯ ની પ્રાઈસ કમિટિની બેઠકે નકકી કરેલ કિંમત રૂા.૨૩,૧૨૩/- પ્રતિ ચો.મી.ના ભાવથી જમીન આપવાની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૬) : વડોદરા શહેરમાં રખડતા પશુઓને શહેરની બહાર ખટંબા ગામ ખાતે કેટલ શેડ બનાવી સમાવવાના કામમાં વધારાની કામગીરી અંગે થનાર ખર્ચની મંજુરી બાબત.**

વડોદરા શહેરમાં રખડતા પશુઓને શહેરની બહાર કેટલ શેડ બનાવી સ્થાઈ કરવા અંગેની સરકારશ્રીની યોજના અંતર્ગત કલેક્ટરશ્રી, વડોદરા ધ્વારા કરેલ સુચનના અનુસંધાને વુડા વિસ્તારમાં આવેલ ખટંબા ગામ પાસે ગોચરની જમીન ઉપર વુડા ધ્વારા રૂ.૪૦/- લાખના ખર્ચે, ૨ પશુ યુનિટ જેમાં દરેક પશુ યુનિટનાં એક શેડમાં ૨૫ પશુઓનો સમાવેશ થાય તેવા કુલ ચાર શેડ તથા દરેક પશુ યુનિટમાં ૧ કેરટેકર રૂમ (સંડાસ-બાથરૂમ સાથે) તથા બે હવાડા બનાવવા માટે મંજુરી આપવામાં આવેલ હતી. જે મુજબ અત્રેની કચેરી ધ્વારા **ન્પ્રોંરુરૂં.ચેમ** ની વેબસાઈટ ઉપર ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. આવેલ ટેન્ડર ઓફરો વુડાની ટેન્ડર કમીટી ધ્વારા ફાઈનલ થયા મુજબ ઈજારદારોને વર્ક ઓર્ડર આપી કામગીરી કરાવવામાં આવેલ હતી. સદર કામગીરી ચાલુ હતી તે દરમ્યાન એન.જી.ઓ. સંસ્થાઓ તથા સદર કામગીરી અંગે સંલગ્ન સંગઠનો ધ્વારા થયેલ વિવિધ સજેસનો ધ્યાને લેતા, કેટલ શેડમાં ફલોરીંગ માટે અંદાજમાં લેવામાં આવેલ આઈ.પી.એસ.ના સ્થાને ઢોરોની અવર જવરના કારણે ખાડા ન પડે તેથી ૧૦૦ એમ.એમ. જાડાઈનુ સીમેન્ટ કોંક્રીટ કામ કરાવેલ હતુ. કોલમ માટે વાપરવાની થતી એંગલો માટે એંગલના સ્થાને આઈ. સેકશન વાપરવા પડેલ હતા તથા પ્લીન્થમાં કાળી માટી હોવાના કારણે બહારથી પીળી મુરમ લાવવી પડે તેમ હોવાના કારણે ટેન્ડરની રકમમાં વધારો થયેલ જે મુજબ ઈજારદારનુ કામ પૂર્ણ થતા રૂ.૪૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે. આમ વુડા બોર્ડમાં સદર કામ માટે મંજુર થયેલ રૂ.૪૦/- લાખ કરતા રૂ.૩.૮૦ લાખનો ખર્ચ વધુ થયેલ છે.

સદર કેટલ શેડના કામમાં એક શેડમાં ૨૫ ઢોરો આવે તે મુજબ ચાર શેડ, એક કેર ટેકર રૂમ તથા બે પાણીના હવાડા સાથેનુ એક યુનીટ પ્રમાણે કુલ ૨૦૦ ઢોરોનો સમાવેશ થાય તેવા બે યુનીટ વુડા ધ્વારા બનાવવામાં આવેલ છે. આમ વુડા ધ્વારા કુલ આંઠ શેડો, બે સંડાસ બાથરૂમ સાથેના કેર ટેકર રૂમો તથા ચાર પાણીના હવાડાની કામગીરી કરવામાં આવેલ છે. જયારે ૧૦૦ ઢોરોનો સમાવેશ થાય તેવુ ત્રીજુ એક યુનીટ વડોદરા ઈનીશીયેટીવ, એન.જી.ઓ. સંસ્થા ધ્વારા પોતાના ખર્ચે બનાવવામાં આવેલ છે. સદર કેટલ શેડો તૈયાર થઈગયેલ છે. તેને કલેકટરશ્રી, વડોદરાને સુપ્રત કરવાની કામગીરી પ્રગતિમાં છે. કલેકટરશ્રી, વડોદરા ધ્વારા આ અંગે એક કમીટીનુ આયોજન કરેલ છે. જેઓ ધ્વારા સદર કેટલ શેડોની દેખરેખ રાખવાની થાય તેમ છે. સદર કેટલ શેડોને કાર્યરત કરવા માટે હજુ નીચે મુજબની કામગીરી કરવાની રહે છે.

(૧) પાણીની વ્યવસ્થા માટે બોરીંગ કરાવી તેના વીતરણની વ્યવસ્થા કરવાની.

(૨) મધ્ય ગુજરાત વિજ કંપની પાસેથી બોર માટે તથા કેટલ શેડના બનાવેલ ત્રણ યુનીટો માટે લાઈટનુ જોડાણ મેળવવાનુ રહે તથા આંતરીક વાયરીંગ કામ તથા ટયુબ લાઈટો વિગેરે નાખવાનુ કામ.

ઉપરોકત કામો પૈકી થયેલ ચર્ચા અન્વયે વુડા ધ્વારા બનાવવામાં આવેલ બે યુનીટો માટે આંતરીક પાણીની વ્યવસ્થા તથા લાઈટની વ્યવસ્થાનો અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | પાણીનો બોર એન.જી.ઓ. સંસ્થા ધ્વારા કરવાની ચર્ચા થયેલ હોય વુડાના બન્ને યુનીટો માટે આંતરીક પાણીની લાઈનો, કેર ટેકર રૂમ ઉપર મુકવાની થતી સીન્ટેક્ષ ટાંકી સહીત | રૂ.૯૦,૦૦૦/- |
| (૨) | વુડાના બન્ને યુનીટો માટે આંતરીક ઈલેકેટ્રીકની કઝ;ગીરી કરાવવા માટે | રૂ.૭૫,૦૦૦/- |
| | કુલ ખર્ચ | રૂ.૧,૬૫,૦૦૦/- |

આમ ઉપરોકત વિગતે વુડાના બે યુનીટ માટે પાણીની વ્યવસ્થાના વિતરણ માટે, સાફ સફાઈ માટેની પી.વી.સી. પાઈપો નાખવા તથા આંતરીક ઈલેકટ્રીકની કામગીરી કરવા માટે અંદાજે કુલ રૂ.૧.૬૫ લાખનો ખર્ચ થાય તેમ છે.

ઉપરોકત વિગતે વુડા ધ્વારા કરવામાં આવેલ કેટલ શેડના બે યુનીટ માટે થયેલ વધારાનો ખર્ચ રૂ.૩.૮૦ લાખની બહાલી માટે તથા આ ઉપરાંત ઉપરોકત વિગત મુજબના વધારાના કામો કરાવવા કે કેમ? તે બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં નીચે મુજબ ચર્ચા વિચારણા કરવામાં આવી.

**ચર્ચા વિચારણા** : કેટલ શેડનુ કામ પૂર્ણ થતા તેને કાર્યરત કરવા માટે કરવાના થતા બાકી રહેતા કામો પૈકી મધ્ય ગુજરાત વીજ કંુ લી. પાસેથી વીજ જોડાણ મેળવવા અંગેની કામગીરી બરોડા ઈનીશીયેટીવ (એન. જી.ઓ સંસ્થા) ધ્વારા

કરવામાં આવનાર છે. જેમાં ટ્રાન્સફોર્મર વોલ્ટેમ્પ કંપની તરફથી આપવામાં આવનાર છે તથા પાણીની વ્યવસ્થા માટે બોરની કામગીરી બરોડા ઈનીશીયેટીવ ધ્વારાજ કરવામાં આવનાર હોવાથી વાઘોડીયા મુખ્ય રસ્તાથી કેટલ શેડ સુધી પહોંચવામાટેના એપ્રોચ રોડની કામગીરી વુડા ધ્વારા કરી આપવામાં આવે તેવી રજુઆત થયેલ હોય, ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૧) :** ઈજારદાર ધ્વારા સદર કામ પૂર્ણ કરતા ટેન્ડરની આઈટમોના જથ્થામાં થયેલ વધારાના કારણે તેઓનુ કામ મંજુર થયેલ ટેન્ડર કરતા વધુ એટલે કે કુલ રૂા.૪૩.૮૦ લાખમાં પૂર્ણ થયેલ છે. જેથી વધારાના ખર્ચ સહીત કુલ રૂા.૪૩.૮૦ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

આ ઉપરાંત વુડા ધ્વારા બનાવવામાં આવેલ બન્ને કેટલ શેડો માટે પાણીની આંતરીક લાઈનો નાખવા માટે થનાર ખર્ચ રૂા.૯૦૦૦૦/- તથા વુડાના બન્ને યુનીટો માટે આંતરીક ઈલેકટ્રીક લાઈટીંગની કામગીરી માટે થનાર અંદાજીત ખર્ચ રૂા.૭૫૦૦૦/- મળી કુલ રૂા.૧૬૫૦૦૦/- ના કરવામાં આવનાર કામોને તથા વડોદરા-વાઘોડીયા મુખ્ય રસ્તાથી કેટલ શેડના યુનિટો સુધીનો એપ્રોચ રોડ, હાલ ડબલ્યુ.બી.એમ. લેવલ સુધીનો બનાવવો તથા તે અંગે થનાર ખર્ચ રૂા.૫.૧૦ લાખને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. આમ ખટંબા ખાતેના કેટલ શેડ માટે અત્યાર સુધી થયેલ ખર્ચ તથા હવે કરવાનો થતો ખર્ચ મળી કુલ રૂા.૫૦.૫૫ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર (૭) : વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડના કરવામાં આવેલ છ કામો માટે થયેલ વધારાના ખર્ચની મંજુરી બાબત.**

શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા ધ્વારા વુડાની હદમાં આવતા ગામોમાં વિકાસના કામો અન્વયે રસ્તાની સુવીધાઓ તથા અન્ય કામો કરાવવામાં આવે છે. જેમાં સ્થાનીક ધારાસભ્યશ્રીઓ, તથા સ્થાનીક રહીસો ધ્વારા કરવામાં આવતી રજુઆતોને ધ્યાનમાં લઈ કામો કરાવવામાં આવે છે. જે અંતર્ગત વિવિધ માંગણીઓ ધ્યાનમાં લઈ યોગ્ય જણાતા વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન પાદરા, ઉંડેરા, સેવાસી, અટલાદરા,કરોડીયાથી પેટ્રોફીલ્સને જોડતો રોડ તથા વાસણા કોતરીયા ગામનો એપ્રોચ રોડ મળી કુલ છ કામો કરાવવા માટે વુડા બોર્ડ ધ્વારા મંજુરી આપેલ હતી. જે મુજબ અત્રેની કચેરી ધ્વારા **ન્પ્રોંરુરૂં.ચેંમ** ની વેબસાઈટ ઉપર ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. આવેલ ટેન્ડર ઓફરો વુડાની ટેન્ડર કમીટી ધ્વારા ફાઈનલ થયા મુજબ ઈજારદારોને વર્ક ઓર્ડર આપી કામગીરી કરાવવામાં આવેલ હતી. આવેલ ટેન્ડર ઓફરો અંદાજીત રકમ કરતાં વધુ (એબાઉ) આવવાના કારણે તથા કરોડીયા પેટ્રોફીલ્સને જોડતો રોડ અને ઉંડેરા ખાતેના રોડના કામમાં ધારાસભ્યશ્રીની રજુઆતને ધ્યાને લઈ અંદાજીત કરતા વધુ લંબાઈમાં કામગીરી કરવાના કારણે વુડા બોર્ડ ધ્વારા આપેલ મંજુરી કરતાં નીચેની વિગતે વધુ ખર્ચ થયેલ છે.

| અ. નં | કામનુ નામ | બોર્ડમાં મંજુર થયેલ રકમ | ઈજારદારને આપવામાં આવેલ વર્ક ઓર્ડર મુજબની રકમ | કામ પૂર્ણ થતા થયેલ કામની કુલ રકમ | તફાવતની રકમ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) = (૩-૫) |
| ૧ | ઉંડેરા ગામના સ.નં. માં આવેલ સરોજ પાર્ક વિભાગ-૧, વિભાગ-૨, ઉમેદ પાર્ક વિગેરેમાંથી પસાર થતા ડી.પી. રોડના કામ બાબત | રૂ.૧૦૫૭૦૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૧ ઠરાવ નં.૧૯૨૭) | રૂ.૧૦૮૯૮૮૯.૬૫ (૪.૨૩%) એબાઉ | રૂ.૧૧૩૭૪૪૫/- | (-) રૂ.૮૦૪૪૪.૫૨ |
| ૨ | વાસણા કોતરીયા ગામની ભાગળથી પાણીની ટાંકી સુધીનો રોડ આર.સી.સી.નો કરવા તથા ઈન્દીરા આવાસ યોજનામાં પથ્થર પેવીંગના કામ બાબત | રૂ.૧૦૦૯૪૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૦ ઠરાવ નં.૧૯૦૫) | રૂ.૧૦૮૭૯૬૪.૩૪ (૮.૯૯%) એબાઉ | રૂ.૯૫૧૧૭૧/- | (+) રૂ.૫૮૨૨૯.૦૦ (બચત) |
| ૩ | સેવાસી ગામે મહાપુરા રોડથી પ્રાથમીક શાળા ને જોડતા રોડના કામ બાબત. | રૂ.૧૧૧૩૦૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૦ ઠરાવ નં.૧૯૦૪) | રૂ.૧૨૦૧૧૭૧.૩૭ (૯%) એબાઉ | રૂ.૧૧૯૦૦૮૦/- | (-) રૂ.૭૭૦૭૯.૧૭ |
| ૪ | પાદરા ખાતે ચતુર પાર્ક તથા અન્ય સોસાયટીને જોડતા ડી.પી. રોડના કામ બાબત | રૂ.૧૪૭૮૦૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૦ ઠરાવ નં.૧૯૦૩) | રૂ.૧૩૭૧૦૭૦.૪૨ (૧૪.૨૭%) એબાઉ | રૂ.૧૩૫૭૩૯૧/- | (+) રૂ.૧૨૦૬૦૯.૦૩ (બચત) |
| ૫ | કરોડીયા રોડ અને પેટ્રોફીલ્સ રોડને જોડતા રોડને કાર્પેટ રોડ બનાવવાના કામ બાબત | રૂ.૧૪૨૮૦૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૧ ઠરાવ નં.૧૯૨૬) | રૂ.૧૬૦૨૧૧૬.૦૪ (૫%) એબાઉ | રૂ.૧૮૪૫૫૪૬/- | (-) રૂ.૪૧૭૫૪૫.૧૨ |
| ૬ | અટલાદરા ખાતે ૪૫૮ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના (માધવનગર) ખાતે આર.સી.સી. રોડ બનાવવાના કામ બાબત. | રૂ.૮૪૮૮૦૦.૦૦ (વુડા બોર્ડ બેઠક નં.૨૦૧ ઠરાવ નં.૧૯૨૫) | રૂ.૯૦૭૪૭૭.૭૭ (૭.૯૯%) એબાઉ | રૂ.૯૬૪૪૯૬/- | (-) રૂ.૧૧૫૬૯૫.૬૯ |
|  | **કુલ** | **રૂ.૬૯૩૪૨૦૦.૦૦** | **રૂ.૭૨૫૯૬૮૯.૫૯** | **રૂ.૭૪૪૬૧૨૯/-** | **રૂ. ૫૧૧૯૨૯.૦૦** |

ઉપરોકત વિગતે વુડા બોર્ડ ધ્વારા છ રોડના કામો માટે મંજુર કરેલ રકમ રૂ.૬૯૩૪૨૦૦/- ની સામે ટેન્ડર ઓફરો અંદાજીત રકમ કરતાં ઉંચી આવવાના કારણે રૂ.૩૨૫૪૮૯.૫૯ તથા અંદાજી કરતા વધારાની કામગીરી કરવાના કારણે રૂ.૧૮૬૪૩૯.૪૧ મળી કુલ રૂ.૫૧૧૯૨૯/- નો વધારાનો ખર્ચ થયેલ છે. સદર બાબત અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૨) :** અનુક્રમ નં ૧ થી ૬ ના કામો માટે વુડા બોર્ડ ધ્વારા અગાઉ મંજુર કરેલ કુલ રૂ.૬૯૩૪૨૦૦.૦૦ ની સામે ટેન્ડર ઓફરો અંદાજીત રકમ કરતાં ઉંચી આવવાના કારણે થયેલ વધારાનો ખર્ચ રૂ. રૂ.૩૨૫૪૮૯.૫૯ તથા અંદાજીત રકમ કરતા વધારાની કામગીરી કરવાના કારણે થયેલ વધારાનો ખર્ચ રૂ.૧૮૬૪૩૯.૪૧ મળી કુલ રૂ.૫૧૧૯૨૯/- ના વધારાના ખર્ચને મંજુરી આપવામાં આવી જે મુજબ ઉપરોકત છ એ કામોમાં, કામ પૂર્ણ થતા કોલમ પાંચમાં દર્શાવેલ ખરેખર ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૮) : પાદરા ખાતે વુડાની હદમાં ફ્હ્ડ્રેII તથા ફ્હ્ડ્રેIII મા થયેલ ટી.પી. રોડના આરબીટ્રેશન પીટીશન નં.૪૨/૨૦૦૨ અને ૪૩/૨૦૦૨ ના એવોર્ડના અમલીકરણ બાબત સીવીલ કોર્ટ વડોદરામાં ઈજારદાર ધ્વારા દાખલ કરેલ સીવીલ એપ્લીકેશન બાબત.**

પાદરા ખાતે આઈ.ડી.એસ.એમ.ટી. યોજના હેઠળ ફ્હ્ડ્રેII મા ટી.પી. રોડના રૂા.૫૧૬૫૪૦૦/- ના કામો ૧૩.૫% અબાઉથી તથા ફ્હ્ડ્રેIII મા રૂા.૮૮૪૭૦૦૦/- ના કામો ૪.૪૧% અબાઉ ભાવોથી અનુક્રમે વર્ષ ૧૯૯૭ અને વર્ષ ૧૯૯૮ દરમ્યાન શરૂ કરી વર્ષ ૧૯૯૯ માં બન્ને કામો પૂર્ણ કરવામાં આવેલ હતા. સદર કામગીરીઓના ટેન્ડરીંગ તથા સુપરવિઝનની કામગીરી મે. રે કન્સલટન્ટ ને તથા ઈજારદાર તરીકે મે.બી.એમ. પટેલ એન્ડ બ્રધર્સને કામગીરી સોંપવામાં આવેલ હતી. બન્ને કામો અન્વયે અનુક્રમે કુલ રકમ રૂા.૭૦૧૭૬૩૯/- અને રૂા.૧૧૧૫૦૧૦૪/- નો ખર્ચ થયેલ હતો.

- બન્ને કામો પૂર્ણ થયા બાદ ઈજારદાર ધ્વારા પ્રાઈસ એડજસ્ટમેન્ટના બીલો રજુ કરેલ જે વુડા ધ્વારા રીજેકટ કરવામાં આવેલ હતાં. પરંતુ ઈજારદાર ધ્વારા બન્ને બીલો માટે વારંવાર લેખીતમાં રજુઆત કરતાં ફ્હ્ડ્રેIII ના કામના પ્રાઈસ એડજસ્ટમેન્ટના ચુકવણા અંગે નિર્ણય અર્થે વુડા બોર્ડ બેઠક ૧૬૪ તા.૪/૧૧/૨૦૦૦ માં રજુ થતા તેમાં પણ સદર બિલની રકમ આપવા પાત્ર નથી તે મુજબનો નિર્ણય લેવામાં આવેલ હતો.
- ત્યારબાદ ઈજારદારે એડવોકેટશ્રીઓ ધ્વારા નોટીસો આપેલ હતી અને ઓકટોબર ૨૦૦૨ માં હાઈકોર્ટમાં આરબીટ્રેશનની માંગણી કરતાં નામદાર હાઈકોર્ટે ફ્હ્ડ્રેII તથા ફ્હ્ડ્રેIII ના કામો માટે અનુક્રમે આરબીટ્રેશન પીટીશન નં. ૪૨/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૩/૨૦૦૩ અને ૪૩/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૪/૨૦૦૩ તા.૨૬/૫/૨૦૦૩ ધ્વારા શ્રી આર.ઓ.પરીખ નીવૃત ચીફ એન્જીનીયર (રૂ઼ભ) ની આરબીટ્રેટર તરીકે નિમણુંક કરેલ હતી.
- આરબીટ્રેશન અંગે પ્રથમ મીટીંગ તા.૧૯/૧૨/૦૩ અને ૯ મી મીટીંગ તા.૮/૦૬/૦૪ ના રોજ યોજાયેલ હતી. સદર આરબીટ્રેશનની કામગીરીમાં વુડા તરફથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટી મારફત આરબીટ્રેટરશ્રી સમક્ષ રજુઆત કરેલ હતી. આરબીટ્રેટરશ્રી ધ્વારા તા.૫/૭/૨૦૦૪ ના રોજ બન્ને કેસોના એવોર્ડ આપવામાં આવેલ હતા. બન્ને કેસો માટે પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેમ અને તે પરત્વે એવોર્ડની તારીખ સુધી તથા એવોર્ડની તારીખ બાદ ચુકવવાના થતા વ્યાજની વિગતોનો એવોર્ડ આપેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | વિગત | ફ્હ્ડ્રેII ની રકમ રૂા. માં | ફ્હ્ડ્રેIII ની રકમ રૂા. માં | કુલ રકમ રૂા. માં |
|---|---|---|---|---|
| ૧ | એવોર્ડની રકમ (પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેઈમ) | ૧૫૬૫૭૬૫.૦૦ | ૧૬૬૩૩૩૪.૦૦ | ૩૨૨૯૦૯૯.૦૦ |
| ૨ | ૧૫% સાદુ વ્યાજ | ૧૦૩૯૪૯૬.૦૦ **૨૧/૫/૯૯ થી ૨૪/૧૧/૦૩** | ૯૬૩૧૩૯.૦૦ **૧૬/૧/૨૦૦૦ થી ૨૪/૧૧/૦૩** | ૨૦૦૨૬૩૫.૦૦ |
| ૩ | ૧૨% ફેન્ફ્રેર્લ્ટે સાદુ વ્યાજ ૨૫/૧૧/૦૩ થી ૪/૭/૦૪ | ૧૧૧૯૫૫.૦૦ | ૧૨૧૪૦૧.૦૦ | ૨૩૩૩૫૬.૦૦ |
| (એ) | એવોર્ડ મુજબ તા.૫/૭/૦૪ સુધી | ૨૭૧૭૨૧૬.૦૦ | ૨૭૪૭૮૭૪.૦૦ | ૫૪૬૫૦૯૦.૦૦ |
| ૪ | ૧૨% સાદુ વ્યાજ તા.૫/૭/૦૪ થી | ૫૧૪.૭૭ પ્રતિ ટર્ઊં | ૫૪૬.૮૫ પ્રતિ દિવસ | ૧૦૬૧.૬૨ પ્રતિ દિવસ |

- આરબીટ્રેટરશ્રી ધ્વારા આપવામાં આવેલ બન્ને એવોર્ડ પરત્વે તા.૧૨/૭/૦૪ ના પત્રથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટીએ બન્ને એવોર્ડ કાયદાકીય રીતે સીવીલ કોર્ટમાં ચેલેન્જ થઈશકે તે બાબતનો અભીપ્રાય આપેલ હતો. જે મુજબ બન્ને એવોર્ડને સીવલ કોર્ટ વડોદરા ખાતે તા.૧૮/૮/૨૦૦૪ ના રોજ અનુક્રમે કેસ નં.૨૪૧/૨૦૦૪ તથા ૨૪૨/૨૦૦૪ ધ્વારા ચેલેન્જ કરવામાં આવેલ હતા.
- વુડા બોર્ડ બેઠક નં.૧૮૫, તા.૧૯/૧૧/૨૦૦૪ ના મુદ્દા નં. ૮ ધ્વારા બન્ને કેસોની વિગતો તથા બન્ને કેસોમાં આરબીટ્રેટરશ્રી ધ્વારા આપવામાં આવેલ એવોર્ડ બાબતની વિગતો વુડા બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા આગળની કાર્યવાહી અંગે નિર્ણય અર્થે રજુ થતા, તેના ઠરાવ નં.૧૭૩૨ માં ઠરાવ્યા મુજબ બન્ને એવોર્ડને વડોદરા સીવીલ કોર્ટમાં કરવામાં આવેલ ચેલેન્જની કાર્યવાહીને મંજુરી આપવામાં આવી તથા આવા કીસ્સાઓમાં કોર્ટની લાંબી કાર્યવાહીના અંતે ઘણુ ખરૂ ચુકાદાઓ સરકારની વિરૂધ્ધમાં આવતા હોય અને ઈજારદારને મોટી રકમ ચુકવવી પડતી હોય છે. જે ધ્યાને લેતા એવોર્ડની રકમ બાબતે ઈજારદાર સાથે નેગોસીએશન કરી એવોર્ડ / વ્યાજની રકમ ઓછી કરવા લેખીતમાં તૈયારી બતાવે, તો તેવા સંજાગોમાં નેગોશીએશન માટે સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાની કમીટી બનાવી સત્તા સોંપવામાં આવેલ હતી.
- ત્યારબાદ તા.૨૪/૧૨/૦૪ ના ૧૭.૦૦ કલાકે ઈજારદારશ્રી તત્કાલીન મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને મળવા આવતા તેઓને બોર્ડમાં થયેલ ઠરાવની માહીતી આપેલ હતી. પરંતુ તેઓએ એવોર્ડની રકમમાં ઘટાડો કરવા લેખીતમાં આપવાનો ઈનકાર કરેલ હતો.
- અગાઉ આરબીટ્રેશન પરત્વે સીવીલ કોર્ટ, વડોદરામાં દાખલ કરેલ એપ્લીકેશન ન.૨૪૧/૨૦૦૪ અને ૨૪૨/૨૦૦૪, ના. પ્રીન્સીપલ ડીસ્ટ્રીકટ જજ, વડોદરા ધ્વારા તા.૨૯/૧૧/૨૦૦૭ ના રોજ ડીસમીસ કરવામાં આવેલ છે.
- સદર ચુકાદાની સામે વુડા ધ્વારા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૯ ના ઠરાવ નં. ૧૮૯૩ મુજબ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે તા.૨૯/૨/૨૦૦૮ ના રોજ ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવેલ છે. જેની સુનાવની બાકીમાં છે. આ સંજોગોમાં ઈજારદાર ધ્વારા આરબીટ્રેટરશ્રીએ આપેલ એવોર્ડનુ અમલીકરણ કરાવવા બાબત, એકઝયુકયુશન એપ્લીકેશન, વડોદરાની ઓનરેબલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં તા.૧૩/૩/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ. જેથી સદર એકઝયુકયુશન એપ્લીકેશન પરત્વે સ્ટે મેળવવા અર્થે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે વુડા ધ્વારા સીવીલ એપ્લીકેશન તા.૧૮/૪/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ અને જેની સુનાવણી ચાલુ હતી તે બાબતની જાણ અગાઉની બોર્ડ બેઠક ન.૨૦૩ માં કરતાં ઠરાવ નં. .... ધ્વારા થયેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવેલ હતી.

સદર કેસમાં વુડા ધ્વારા હાઈકોર્ટમાં તા.૧૮/૪/૦૯ ના રોજ દાખલ કરેલ સીવીલ એપ્લીકેશન પરત્વે તા.૧૦/૭/૨૦૦૯ ના રોજ થયેલ સુનવણી દરમ્યાન થયેલ ઓર્ડરમાં જણાવ્યા મુજબ વુડા ધ્વારા કરવામાં આવેલ ફર્સ્ટ એપ્લીકેશન હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય, સીવીલ એપ્લીકેશનના પેરા ૭ -એ મુજબ ઈન્ટરીમ સ્ટે આંઠ અઠવાડીયામાં સદર કામના આરબીટ્રેટરશ્રી ધ્વારા આપેલ ડીક્રીમેન્ટલ એવોર્ડની રકમ નીચેની કોર્ટમાં જમા કરાવવાની શરતે આપેલ છે.

| ક્રમ નં. | વિગત | ફ્હ્ડરેંI ની રકમ રૂા. માં | ફ્હ્ડરેંII ની રકમ રૂા. માં | કુલ રકમ રૂા. માં |
|---|---|---|---|---|
| (૧) | એવોર્ડ મુજબ તા.૫/૭/૦૪ સુધી મુદલ તથા વ્યાજ સાથે | રૂા.૨૭૧૭૨૧૬.૦૦/- | રૂા.૨૭૪૭૮૭૪.૦૦ | રૂા.૫૪૬૫૦૯૦.૦૦ |
| (૨) | ૧૨% સાદુ વ્યાજ તા.૫/૭/૦૪ થી ૩૧/૭/૨૦૦૯ (દિવસો - ૧૮૫૨) | અંદાજે રૂા.૯૫૩૩૫૪/- | અંદાજે રૂા.૧૦૧૨૭૬૬/- | અંદાજે રૂા.૧૯૬૬૧૨૦/- |
| | કુલ ભરવાની થતી રકમ | રૂા.૩૬૭૦૫૭૦/- | રૂા.૩૭૬૦૬૪૦/- | રૂા.૭૪૩૧૨૧૦/- |

આમ ઉપરોકત વિગતે હાઈકોર્ટના ચુકાદા મુજબ મુધ્દલની રકમ તથા વ્યાજ સહીત આજદીન સુધી બન્ને કામો માટે અંદાજે રૂા.૭૪૩૧૨૧૦/- ભરવાના થાય. જે અંગેની ફાઈનલ રકમ કોર્ટમાંથી મેળવી સદર રકમ નીચલી અદાલતમાં ભરવા બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૩)** : પાદરા ખાતે ફ્હ્ડરેંI તથા ફ્હ્ડરેંII મા થયેલ ટી.પી. રોડના આરબીટ્રેશન પીટીશન નં.૪૨/૨૦૦૨ અને ૪૩/૨૦૦૨ ના એવોર્ડ પરત્વે સીવીલ કોર્ટ તથા હાઈકોર્ટમાં ચાલી રહેલ કોર્ટની કાર્યવાહીને મંજુર રાખવામાં આવી તથા ઈજારદાર ધ્વારા આરબીટ્રેટરશ્રી ધ્વારા આપેલ એવોર્ડનુ અમલીકરણ કરાવવા બાબત એકઝ્યુકયુશન એપ્લીકેશન, વડોદરાની ઓનરેબલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં તા.૧૩/૩/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ. જેથી સદર એકઝ્યુકયુશન એપ્લીકેશન પરત્વે સ્ટે મેળવવા અર્થે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે વુડા ધ્વારા સીવીલ એપ્લીકેશન તા.૧૮/૪/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ. જે અંગે ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૧૦/૭/૨૦૦૯ ના રોજ થયેલ સુનાવણી પરત્વે કરવામાં આવેલ ઓર્ડર મુજબ હાઈકોર્ટમાં વુડા ધ્વારા દાખલ કરેલ ફર્સ્ટ એપ્લીકેશનની સુનાવણી બાકી હોય મુધ્દલની રકમ તથા વ્યાજ સહીતની બન્ને કામો માટે ભરવાની થતી તા.૩૧/૭/૨૦૦૯ સુધીની અંદાજીત રકમ રૂા.૭૪૩૧૨૧૦/- તથા ખરેખર ભરવાની તારીખ સુધીની વધારાની રકમની વિગત કોર્ટમાંથી એડવોકેટશ્રીનો સંપર્ક કરી, જે રકમ ભરવાની થાય તે મુજબની રકમ નીચલી અદાલતમાં ભરવા સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. તથા આ અંગે કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર(૯):- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં થતા બાંધકામ પરત્વે વસુલવાની થતી સર્વિસ અને એમીનીટીઝ ફી બાબતે**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩ (૧) (૪-ક) અન્વયે સત્તામંડળોને સર્વિસ અને એમીનીટીઝ ફી વસુલવાની સત્તા મળેલ છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ના હાલ અમલી પ્રવર્તમાન જી.ડી.સી.આરમાં આ અંગે કોઈ જોગવાઈ રાખવામાં આવેલ નથી. પરંતુ વુડાએ તૈયાર કરેલ અને કાયદાની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં પાઠવેલ મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના સાથેના જી.ડી.સી.આરમાં કલોઝ નં.૫.૩.૨ (૧) થી સર્વિસ અને એમીનીટીઝ ફી ના દરો નક્કી કરેલ છે. આ દરો સ્કુલ, કોલેજ, એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ વિગેરે માટે રૂા.૫૦/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ એરીયા તથા અન્ય સઘળા ઉપયોગો માટે રૂા.૧૦૦/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ એરીયા પ્રમાણે નીયત કરેલ છે. બાંધકામના દરોમાં થયેલા વારા અને તેને કારણે મેન્ટેનશના દરોમાં પણ થયેલા વધારાને ધ્યાને લેતા આ દરોમાં વધારો કરવો આવશ્યક હોય આ દર સ્કુલ, કોલેજ, એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ વિગેરે માટે રૂા.૭૫/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ એરીયા અને અન્ય સઘળા ઉપયોગો માટે રૂા.૧૫૦/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ એરીયા પ્રમાણે સુધારીએ અને વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના મંજુર કરતી વખતે તેના વિકાસ નિયંત્રણ નિયમોમાં આ સુધારો આમેજ કરવા માટે દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવાની થાય છે. બોર્ડમાં સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા-વિચારણા કરી સર્વાનુમતે દરખાસ્ત મંજુર કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક :- ( ૧૯૭૪)** વુડાની દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના સાથે સંલગ્ન જી.ડી.સી.આર જે કાયદાની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ છે તેમાં એમીનીટીઝ ફીનુ ધોરણ સ્કુલ, કોલેજ, એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ વિગેરે માટે જે રૂા.૫૦/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ એરીઆ છે. તેને રૂા.૭૫/- તથા અન્ય ઉપયોગો માટે જે રૂા.૧૦૦/- છે તેને રૂા.૧૫૦/- પ્રતિ ચો.મી. ઓફ બિલ્ટઅપ પ્રમાણે સુધારવા તથા આ અંગે દરખાસ્ત પાઠવી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના સાથે સંલગ્ન જી.ડી.સી.આર મંજુર કરતી વખતે આ પ્રમાણે સુધારો કરવા દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવાનુ ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૧૦) નગર રચના યોજનાઓમાં બેટરમેન્ટ ચાર્જની વસુલાત તથા અતિમખંડના માપણીના ચાર્જ નક્કી કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં કુલ-૪ નગર રચના યોજનાઓ અંતિમ મંજુર થયેલ છે, ૩(ત્રણ) નગર રચના યોજનાઓ પ્રારંભિક મંજુર થયેલ છે તથા ૭(સાત) નગર રચના યોજનાઓ ડ્રાફ્ટ મંજુર થઈ નગર રચના અધિકારીશ્રી પાસે કામગીરીમાં બાકી છે. આ સઘળી નગર રચના યોજનાઓમાં આંતરિક ટી.પી.ના રસ્તા બનાવવા માટેની માંગણી આવી રહેલ છે. વુડાએ હાલમાં વેમાલી ટી.પી.સ્કીમ નં.૧ માં રસ્તાની કામગીરી ચાલુ કરેલ છે. તથા બીલ, સેવાસી, ખાનપુર તથા ભાયલીની નગર રચના યોજનાઓમાં ટુક સમયમાં રસ્તાઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ નગર રચના યોજનાઓ પૈકી બીલ નગર રચના યોજના નં.૧ સિવાયની સઘળી નગર રચના યોજનાઓ પ્રારંભિક કે ડ્રાફ્ટ મંજુર થયાના તબક્કે છે. આ સંજોગોમાં આ વિસ્તારમાં જયારે રોડ રસ્તાની સુવિધા આપવામાં આવે ત્યારે સાથોસાથ જો બેટરમેન્ટ ચાર્જ લેવાનો પણ ચાલુ કરવામાં આવે તો નાણાકીય સવલત ઉપલબ્ધ કરી શકાય આ અંગે આ નગર રચના યોજનાના લાભાર્થીઓ પણ સમંત છે. તો તે સંજોગોમાં આ પ્રમાણે નગર રચના યોજનાઓ ડ્રાફ્ટ સ્ટેજે સરકારશ્રી માંથી મંજુર થાય ત્યારે તે તબક્કે જ જે કોઈ જમીનોમાં વિકાસ પરવાનગીના કેસો વુડામાં રજુ થાય ત્યારે અરજદારની સંમતિથી બેટરમેન્ટ ચાર્જ વસુલવામાં આવે તો ત્યારબાદ તે જમીનોમાં સોસાયટી બંધાય ત્યારે સોસાયટી ઈન્ડીવીડયુઅલ ખાતેદાર પાસેથી બેટરમેન્ટ ઉઘરાવવાની મુશ્કેલી પડે છે. તે નિવારી શકાય તેથી તે પ્રમાણે નગર રચના યોજના મુસદ્દારૂપ સરકારશ્રીમાંથી મંજુર થાય તે તબક્કે જ વિકાસ પરવાનગી ના પ્રકરણોમાં બેટરમેન્ટ ચાર્જ વસુલવાની પ્રથા રાખવા યોગ્ય છે. વધુમાં નગર રચના યોજના વિસ્તારમાં એક વખત અંતિમખંડમાં કબજો ખુંટ મારીને કબજેદારને સોપી દીધા બાદ કબજેદાર દ્વારા વિવિધ કારણોસર તેમની જમીનની ફેર માપણી કરી આપવા રજુઆતો થાય છે. ત્યારે દરેક ફા.પ્લોટ માં રૂા.૫૦૦/- લઈને માપણી કરી આપવી યોગ્ય જણાય છે. જે અંગે બોર્ડમાં ચર્ચા-વિચારણા કરતા માપણીની ફી રૂા.૧/- પ્રતિ ચો.મી. પ્રમાણે ગણી લઘુત્તમ રૂા.૫૦૦/- તથા મહત્તમ રૂા.૨૦૦૦/- ની મર્યાદામાં વસુલી માપણી કરી આપવા તથા બેટરમેન્ટ ચાર્જ ડ્રાફ્ટ અથવા પ્રિલિમીનરી સ્કીમમાં જે રકમ નિયત થયેલ હોય તેના ૯૦ % જેટલી રકમ અને તે અંગે પણ જો હપ્તાની માંગણી કરવામાં આવે તો તે પ્રમાણે મંજુર કરી વસુલવા નક્કી કરી સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૫) :** વુડા વિસ્તારની નગર રચના યોજનાઓનુ ઝડપી અમલીકરણ કરવાની કાર્યવાહી ચાલુ કરાયેલ છે. ત્યારે આ નગર રચના યોજનાઓ ડ્રાફ્ટ કે પ્રિલિમીનરી સ્ટેજે મંજુર થયેલ હોય તો પણ તે સ્કીમમાં વિકાસ પરવાનગી માટેના પ્રકરણો આવે ત્યારે નગર રચના યોજનામાં જે બેટરમેન્ટ ચાર્જ નક્કી થયેલ હોય તેના ૯૦ % રકમ વસુલવા તથા આ અંગે હપ્તાની માંગણી થાય તો કાયદાની મર્યાદામાં રહી મંજુર કરવા તથા નગર રચના યોજનાઓનુ ઝડપી અમલીકરણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા જે નગર રચના યોજનાઓનું અમલીકરણ થઈ ગયેલ હોય અને તે અંગેની છેલ્લી નોટીસ પણ આપી દીધેલ હોય ત્યારબાદના ફાઈનલ પ્લોટોની માપણી અંગેની માંગણીવાળા કિસ્સાઓમાં અંતિમખંડના ક્ષેત્રફળના પ્રમાણમાં રૂા.૧/- પ્રતિ ચો.મી. તથા લઘુત્તમ રૂા.૫૦૦/- તથા મહત્તમ રૂા.૨૦૦૦/- ની મર્યાદામાં ફી લઈ માપણી કરી આપવી તથા આ અંગે જાહેર જનતાની જાણ માટે પ્રેસમાં બહોળી પ્રસિધ્ધી આપી કાર્યવાહી કરવી તેમ પણ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા સોપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૧૧) વુડાની વિકાસ યોજનાના નકશાની હાર્ડકોપી તથા સોફ્ટ કોપી જાહેર જનતા તથા ખાનગી સંસ્થાઓને આપવા માટે પ્રવર્તમાન ફી ના ધોરણોમાં ફેરફાર કરવા બાબત.**

વુડાની વિકાસ યોજનાના ઝોન સર્ટી, પાર્ટ પ્લાન, એફ ફોર્મ તથા કોરી પ્રીન્ટ અને વિકાસ યોજનાના વિલેજમેપની ડીજીટલ નકલો જાહેર જનતા તથા ખાનગી સંસ્થાઓને આપવા માટે વુડા બોર્ડની બોર્ડ બેઠક નં.૧૯૧ માં ઠરાવ નં.૧૮૦૭ થી ફી ના ધોરણો નક્કી થયેલ છે. તે મુજબ હાલ વસુલાત કરવામાં આવે છે. જે પૈકી વુડાની ગામવાઈઝ વિકાસ યોજનાની/નગર રચના યોજનાની ડીજીટલ કોપી રૂા.૩૦૦૦/- પ્રતિ ગામ/ નગર રચના યોજના મુજબ, ઈન્ડેક્ષ પ્લાનની ડીજીટલ કોપી રૂા.૫૦૦૦/- મુજબ તથા નકશાની હાર્ડકોપી મેળવવા માટે પ્રથમ સ.નં.ના રૂા.૩૦૦/- તથા વધારાના દરેક સ.નં.દીઠ રૂા.૧૫૦/- મુજબ દર રાખેલ હોવાને કારણે જાહેર જનતાને આ દરો ઘણા વધુ પડતા જણાતા હોવાથી ખરીદી કરવામાં આવતી નથી તથા એક ડીજીટલ કોપી વેચાણ થયેલ હોય તો તે પરથી બીજી નકલો મેળવી ઉપયોગમાં લેવામાં આવે છે. જેના કારણે વુડાની આવકમાં ઘટાડો થાય છે. આથી વુડાની વિકાસ યોજનાની આખી ડીઝીટાઈઝડ કોપી રૂા.૫૦૦૦/- માં તથા વુડાની વિકાસ યોજનાની ગામ વાઈઝ ડીઝીટાઈઝ કોપી રૂા.૧૦૦૦/- ઈન્ડેક્ષ પ્લાનની ડીજીટલ કોપી રૂા.૧૦૦૦/- માં તથા વિલેજ મેપ હાર્ડ કોપી રૂા.૧૦૦૦/- પ્રતિ ટીકા દીઠ વસુલ કરવામાં આવે તો વુડાની આવકમાં પણ વધારો થાય તેમ છે. તથા અત્રે વિકાસ યોજનાની દરખાસ્તો જોવા આવતા લોકોનો ધસારો પણ ઓછો થાય તેમ છે. જે વિગતો પરત્વે વુડાની વિકાસ યોજનાના નકશાની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપીના પ્રવર્તમાન ફીના ધોરણોમાં ફેરફાર કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી જેમાં વુડાની વિકાસ યોજનાની નકશાની હાર્ડકોપી તથા સોફ્ટ કોપીના પ્રવર્તમાન ધોરણો ઘણા વધારે હોઈ ઓછા દરે વેચાણ કરવામાં આવે તો વધુ વેચાણ થશે તથા લોકોને યોજનાની દરખાસ્તો જોવા માટે વારંવાર વુડા કચેરીમાં આવવાની જરૂરીયાત ઓછી થશે. તેમ સર્વ સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ આથી સુચવેલ ઘટાડેલ ભાવો મુજબ વિકાસ યોજનાની નકશાની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી આપવા અંગે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૬)** વુડાની વિકાસ યોજનાની આખી ડીઝીટાઈઝડ કોપી રૂા.૫૦૦૦/- માં ગામવાઈઝ ડીઝીટાઈઝ કોપી રૂા.૧૦૦૦/- માં, ઈન્ડેક્ષ પ્લાનની ડીઝીટાઈઝડ રૂા.૧૦૦૦/- માં તથા દરેક ગામના નકશાની હાર્ડ કોપી રૂા.૧૦૦૦/- પ્રતિ ટીકા મુજબ વસુલ લઈ જાહેર જનતાને પુરી પાડવા ઠરાવવામાં આવ્યુ.

**મુદદા નંબર (૧૨):- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ માં વિકાસ ચાર્જના દરોમાં સુધારો સુચવવા બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯૯, ૧૦૦ તથા ૧૦૧ અન્વયે વિસ્તાર / શહેરી વિકાસ સત્તામંડળોને વિકાસ ચાર્જ ઉઘરાવવાની સત્તા પ્રાપ્ત થાય છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિકાસચાર્જ ના દરો રાજય સરકારશ્રીએ મંજુર કરેલ છે અને તા.૦૧-૦૩-૧૯૯૨ થી સત્તામંડળ વિસ્તારમાં વિકાસચાર્જ વસુલવાનુ ચાલુ કરેલ છે. વિસ્તાર/ શહેરી વિકાસ સત્તામંડળો માટે વિકાસ ચાર્જ એ આવકનો મુખ્ય સ્ત્રોત છે. તે સંજોગોમાં આ વિકાસ ચાર્જના દરોમાં વધારો કરવો અત્યંત આવશ્યક છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે પણ તેના આ જુના વિકાસ ચાર્જના દરોને ફેરફાર કરી નવીન વિકાસ ચાર્જના દરો મંજુર કરવા સરકારશ્રીમાં એક દરખાસ્ત તા.૧૩/૦૬/૨૦૦૮ ના પત્રથી પાઠવેલ છે. પરંતુ આ વિકાસચાર્જના દરો નક્કી કરતી વખતે કાયદાની કલમ-૧૦૦ (૨) (બી) માં જમીન માટેના મહત્તમ દરો રૂા.૫/- પ્રતિ ચો.મી. અને બિલ્ટઅપ માટેના મહત્તમ દરો રૂા.૧૫/- પ્રતિ ચો.મી. છે. તેને કારણે નવીન વિકાસચાર્જના દરો પણ આજ મહત્તમ દરની મર્યાદામાં સુચિત કરવાના થાય છે. તેને કારણે વિકાસચાર્જની આવકમાં ધારેલ વધારો કરી શકાતો નથી અને જે ઉપયોગો જેવા કે ઔદ્યોગીક તથા વાણિજયના દરોમાં અગાઉ આ મહત્તમ મર્યાદામાં દરો સુચિત કરેલા છે. તેમાં હવે કોઈ ફેરફાર શકય નથી.ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ માં બનેલ છે. અને હવે તેવીસ વર્ષબાદ હાલના વિકાસને ધ્યાને લેતા તથા બાંધકામ ઉદ્યોગમાં બાંધકામના દરોમાં થયેલા ખુબ ઉચા વધારાને ધ્યાને લેતા વિકાસચાર્જના દરોમાં ફેરફાર કરવા અત્યંત આવશ્યક જણાય છે. જેથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૦૦(૨) (બી) માં બાંધકામના દર જે મહત્તમ રૂા.૫૦,૦૦૦/- પ્રતિ હેકટર છે. તેના બદલે રૂા.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેકટર તથા બાંધકામના દર જે રૂા.૧૫/- પ્રતિ ચો.મી. છે. તેના બદલે રૂા.૩૦/- પ્રતિ ચો.મી. કરવા એકટમાં સુધારો કરવા આવશ્યક જણાય છે. જે અંગે બોર્ડમાં સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૭)** ગુજરાત નગર રચના યોજના શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૦૦ (૨) (બી) માં વિકાસ ચાર્જના જે મહત્તમ દરો બિલ્ટઅપ માટે રૂા.૧૫/- પ્રતિ ચો.મી. અને જમીન માટે રૂા.૫૦,૦૦૦/- પ્રતિ હેકટરે છે તેમાં સુધારો કરી બિલ્ટઅપના રૂા.૧૦૦/- પ્રતિ ચો.મી. અને જમીનના રૂા.૩,૦૦,૦૦૦/- પ્રતિ હેકટર કરવાપાત્ર જણાય છે તથા ભવિષ્યમાં પણ મહત્તમ દરોમાં વધારો કરવો હોય તો તે માટે પણ એકટમાં જોગવાઈ કરવી આવશ્યક છે. તે અંગે સરકારશ્રીમાં જરૂરી ભલામણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૩) મુસધ્દારૂપ નગર રચના યોજના નં.૬૦ (ગોત્રી) માં આવેલ ફા.પ્લોટ નં.૧૪૯ વાણિજ્ય વેચાણ વાળા પ્લોટ ફા.પ્લોટ પૈકીમાં સમાવિષ્ટ ગોત્રીના રે.સ.નં.૧૨/૨ પૈકી વુડાની માલિકીની જમીન ડ્રેનેજ પંમ્પીગ સ્ટેશનના બાંધકામ માટે વડોદરા મહાનગર સેવાસદનને પરવાનગી આપવા બાબત.**

વડોદરા મહાનગર સેવાસદન વિસ્તારમાં ગોત્રી ગામ પાસે મુસધદારૂપ નગર રચના યોજના નં.૬૦ (ગોત્રી) તા.૦૩-૧૨-૨૦૦૩ થી મંજુર કરવામાં આવેલ છે. આ નગર રચના યોજનામાં ફાયનલ પ્લોટ નં.૧૪૯ વાણિજ્ય હેતુ માટે વડોદરા મહાનગર સેવાસદનને સંપ્રાપ્ત થાય છે. આ ફા.પ્લોટ નં.૧૪૯ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની માલિકીની મોજે ગોત્રી રે.સ.નં.૭૨/૨ પૈકીની જમીન ઉપર ફાળવવામાં આવેલ છે. જયારે કે, વુડાના સ.નં.૧૨/૨ પૈકીની જમીન સામે અન્યત્ર અંતિમખંડ ફાળવાયેલ છે. ફા.પ્લોટ નં.૧૪૯ વાળી જમીન વાણિજય વેચાણ વાળા પ્લોટમાં વડોદરા મહાનગર સેવાસદનએ ડ્રેનેજ પંપીગ સ્ટેશનનુ બાંધકામ કરવા માટે જગ્યા મુકરર કરેલ છે. જેથી વુડાની માલિકીની મોજે ગોત્રી રે.સ.નં.૧૨/૨ પૈકીની મુળખંડમાં આવતી નકશામાં હેચથી દર્શાવેલ આશરે ૯૨૦ ચો.મી. જગ્યામાં નાગરીકોની જાહેર સુવિધા માટે ડ્રેનેજ પંપીગ સ્ટેશનનુ બાંધકામ કરવા માટે વડોદરા મહાનગર સેવાસદનને જમીનનો કબજો સોપવા મંજુરી માટે આ મુધ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા ચર્ચા-વિચારણા કરી સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૮)** વુડાની માલિકીની મોજે ગોત્રી રે.સ.નં.૧૨/૨ પૈકી ની મુળખંડની જમીનમાં પડતા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયનલ પ્લોટ નં.૧૪૯ માં આવતી જમીનનો કબજો ડ્રેનેજ પંમ્પીગ સ્ટેશનના બાંધકામ માટે વડોદરા મહાનગર સેવાસદનને સોપવા તથા આ અંગેની જાણ ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રીને કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની સઘળી કામગીરી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદદા નંબર (૧૪) વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં જેતલપુર રેલ્વે ગરનાળાથી મેસોનીકહોલ ચાર રસ્તા થઈ રેસકોર્ષ ચકલી સર્કલ સુધીની રસ્તારેખાની પહોળાઈ નક્કી કરી દર્શાવવા બાબત.**

વુડાની મંજુર અને હાલ અમલી પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ જેતલપુર રેલ્વે ગરનાળાથી રેસકોર્સ ચકલી સર્કલ સુધી મોજે વડોદરા કસ્બા તથા મોજે જેતલપુરના નકશામાં હયાત રસ્તો દર્શાવેલ છે. તથા સ્ટ્રકચર પ્લાનમાં આ રસ્તાની પહોળાઈ દર્શાવેલ નથી. વડોદરા મહાનગર સેવાસદન દ્વારા આ રસ્તાને ૧૮.૦ મીટર પહોળાઈ ગણી હાલ અમલ કરવામાં આવે છે. કાયદાની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં સાદર કરેલ મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં સ્ટ્રકચર પ્લાનમાં આ રસ્તો ૨૪.૦ મીટર પહોળાઈનો દર્શાવેલ છે. પંરતુ વડોદરા કસ્બાના તથા જેતલપુર ગામના નકશામાં આ રસ્તો હયાત દર્શાવેલ છે, પહોળાઈ દર્શાવેલ નથી.

વડોદરા મહાનગર સેવાસદન દ્વારા જેતલપુર રેલ્વે ગરનાળા પાસે રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, તે પહેલા ભીમનાથ બ્રીજથી જેતલપુર રેલ્વે ગરનાળા સુધી ૨૪.૦ મીટર પહોળાઈની રસ્તારેખા છે તથા રેસકોર્સ ચકલી સર્કલની ૩૦.૦ મીટર પહોળાઈની રસ્તારેખા છે. રેસકોર્ષ સર્કલથી ગોત્રી તરફ ટીબી હોસ્પીટલ સુધી ૨૪.૦ મીટર પહોળાઈની રસ્તારેખા છે ત્યાર બાદ વુડાની હદ સુધી ૩૦.૦ મીટર રસ્તારેખા છે. આમ, જેતલપુર ગરનાળાથી પહેલાનો તથા રેષકોર્સ ચકલી સર્કલ પછીનો રસ્તો ૨૪.૦ મીટર તથા ૩૦.૦ મીટરની પહોળાઈનો છે. આથી ટ્રાફિકની દ્રષ્ટીએ આ રસ્તો પણ ૨૪.૦ મીટરની પહોળાઈનો હોવો જોઈએ પરંતુ નકશામાં હયાત રસ્તા તરીકે દર્શાવેલ હોઈ તથા પહોળાઈ દર્શાવેલ ન હોવાથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન દ્વારા તા.૨૦-૦૫-૨૦૦૯ ના પત્રથી (નકલ સામેલ છે) વડોદરા કસ્બાના તથા જેતલપુર ગામના નકશામાં આ રસ્તાની પહોળાઈ દર્શાવવા રજુઆત કરેલ છે. જે ધ્યાને લેતા વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાના સ્ટ્રકચર પ્લાનમાં જેતલપુર ગરનાળાથી ચકલી સર્કલ સુધીના રસ્તાને ૨૪.૦ મીટર દર્શાવેલ હોઈ વડોદરા કસ્બાના તથા જેતલપુર ગામના નકશામાં પણ આ રસ્તો ૨૪.૦ મીટરનો દર્શાવવા અંગે તથા હાલ મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રીની મંજુરી હેઠળ હોઈ તે મુજબ આમેજ કરવા દરખાસ્ત કરવા અંગેના મુદ્દા પરત્વે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં જેતલપુર ગરનાળાથી પૂર્વ તરફ ૨૪.૦ મીટરની રસ્તારેખા અને તથા ચકલી સર્કલથી ગોત્રી તરફ ૨૪.૦ મીટર તથા તેથી વધુ પહોળાઈનો રસ્તો હોઈ જેતલપુર ગરનાળાથી ચકલીસર્કલ સુધીનો રસ્તો પણ ૨૪.૦ મીટરનો હોવો જોઈએ તેમ સર્વ સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ વધુમાં વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાના સ્ટ્રકચરલ પ્લાનમાં આ રસ્તો ૨૪.૦ મીટરનો દર્શાવેલ છે પરંતુ તે જે તે ગામના ટીકામાં ટ્રાન્સફર થયેલ નથી પરંતુ હયાત રસ્તા તરીકે દર્શાવેલ હોઈ જે તે ગામના ટીકામા આ રસ્તો સુચિત ૨૪.૦ મીટરનો દર્શાવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવ્યા બાદ વડોદરા મહાનગર સેવાસદનને તે મુજબ કાર્યવાહી કરવા જણાવવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૭૯)** જેતલપુર રેલ્વે ગરનાળાથી મેસોનીક હોલ ચાર રસ્તા થઈ રેસકોર્ષ ચકલી સર્કલ સુધીના રસ્તાની પહોળાઈ કે જે મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાના સ્ટ્રકચરલ પ્લાનમાં ૨૪.૦ મીટરની દર્શાવેલ છે પરંતુ વડોદરા કસ્બા તથા જેતલપુર ગામના નકશામાં હયાત રસ્તા તરીકે દર્શાવેલ હોઈ જે તે વિલેજમેપમાં પણ આ રસ્તો ૨૪.૦ મીટરનો દર્શાવી વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તથા સરકારશ્રીમાં દરખાસ્ત મોકલ્યા બાદ વડોદરા મહાનગર સેવાસદનને પણ વિકાસ પરવાનગી તથા અન્ય કામગીરી વખતે રોડની પહોળાઈ સુચિત ૨૪.૦ મીટર ધ્યાને લઈ કાર્યવાહી કરવા જાણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર.(૧૫) વુડાની મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં નગર રચના યોજના નં.૧૨ માં ૩૦.૦ મી. માં ૩૦.૦ મી. ના સુચિત રસ્તામાં ફેરફાર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કાયદાની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે તા.૨૧-૧૧-૨૦૦૭ થી પાઠવાયેલ છે. આ વિકાસ યોજનામાં ટી.પી.સ્કીમ નં.૧૨ માંથી પસાર થતી નર્મદા કેનાલની દક્ષિણે ૩૦.૦ મી. સુચિત રસ્તો દર્શાવેલ છે. આ ૩૦.૦ મીટર રસ્તારેષાને કારણે સદર નગર રચના યોજનાના અંતિમખંડ નં.૭,૮,૧૦,૧૧,૧૨ ને સદર ૩૦.૦ મી. સુચિત રસ્તાની અસર થાય છે. આ અંગે નામદાર હાઈકોર્ટમાં ચાલતી અલગ-અલગ સીવીલ સ્પેશ્યલ એપ્લીકેશનમાં થઈ આવેલ હુકમ અન્વયે આ રસ્તામાં ફેરફાર કરવાનુ આવશ્યક હોઈ મહાનગર સેવાસદન દ્વારા કાયદાની કલમ-૭૧ હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવેલ છે અને તે અનુસંધાને આ નગર રચના યોજના નં.૧૨ માં પ્રથમ ફેરફાર તૈયાર કરી કાયદાની કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજુરી અર્થે સદર મુસદ્દારૂપ વેરીડ નગર રચના યોજના સરકારશ્રીમાં પાઠવેલ છે. આ નગર રચના યોજનામાં દર્શાવેલ ફેરફાર અન્વયે વુડાના ૩૦.૦ મીટર સુચિત રસ્તાને ઉપરોકત સંદર્ભ હેઠળના ફા.પ્લોટના ઉત્તર અને દક્ષિણ છેડે ૧૫.૦ મીટરના બે રસ્તાઓ સુચિત કરેલ છે. આ સંદર્ભે વુડાની વિકાસ યોજનામાં પણ ફેરફાર કરવાનો થાય છે. પરંતુ વુડાની મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રીની મંજુરી અર્થે પાઠવેલ હોઈ અત્રેથી સદર ફેરફાર આ વિકાસ યોજના મંજુર કરતી વખતે આમેજ કરવા દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવાની થાય. જે અંગે બોર્ડમાં સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૮૦):** વુડાની દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કે જે કાયદાની કલમ-૧૬ હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીમાં પાઠવાયેલ છે તમાં નર્મદા બ્રાન્ચ કેનાલની દક્ષિણે વડોદરા મહાનગર સેવાસદનની નગર રચના યોજના નં.૧૨ માં અંતિમંખડ નં.૭,૮,૧૦,૧૧,૧૨, ૩૧, ના ભાગમાં દર્શાવેલ ૩૦.૦ મીટર વિકાસ યોજનાનો રસ્તો રદ કરી તેની જગ્યાએ વેરીડ નગર રચના યોજના નંબર-૧૨ માં દર્શાવ્યા પ્રમાણે બે ૧૫.૦ મીટર ના રસ્તા નગર રચના યોજના નં.૧૨ વિસ્તાર પુરતો સુધારો કરવા અને વિકાસ યોજના મંજુર થાય તે વખતે તેમાં આ પ્રમાણેનો સુધારો આમેજ થાય તે અંગે જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. આ અંગેની આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા ઠવરાવવામાં આવ્યુ.

**મુદદા નંબર.(૧૬) :- મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તથા મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ ની તૈયાર કરેલ દરખાસ્તોને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા હાથ ધરનાર આયોજન પ્રવૃતિઓ પૈકી વડોદરા મહાનગર સેવાસદનની હદ બહાર મંજુર થયેલ અમલી વિકાસ યોજનામાં રહેણાંક વિસ્તારમાં પધ્ધિતસર સેવાસદનની હદના વિકાસને સુસંગત વિકાસ થાય તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦ (૧) જોગવાઇ હેઠળ અંકોડીયા તથા ગોરવા વિસ્તારમાં (૧) મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ (૨) મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા - અંકોડીયા નં.૧ એમ બે મુસધ્દારૂપ નગર રચના યોજનાઓ બનાવવા અંગે વિચારણા કરવામાં આવેલ, જે અંગે સદરહું યોજનાઓની હદ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ અનુમોદન મેળવવા બાબતે પરામર્શ કરતા મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના તા.૨૨-૦૯-૨૦૦૮ ના પત્ર નં.સુચિત નરયો/અંકોડીયા નં.૧(વુડા)/દ.ગુ./૭૩૪૬ થી મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તેમજ તા.૨૨-૦૯-૨૦૦૮ ના પત્ર નં.સુચિત નરયો/ગોરવા-અંકોડીયા નં. ૧(વુડા)/દ.ગુ./૭૩૪૭ મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ એમ બે મુસધ્દારૂપ નગર રચના યોજનાઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ અનુમોદન આપવામાં આવેલ છે.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૩૦-૧૨-૨૦૦૮ ના રોજ ની ૨૦૨ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક : ૧૯૩૯ થી મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ તેમજ ઉકત બેકઠના ઠરાવ ક્રમાંક : ૧૯૪૦ થી મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ બનાવવા અંગે અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ ઇરાદો જાહેર કરવા ઠરાવેલ હતુ. જે તા.૦૩-૦૧-૨૦૦૯ ના રોજ સરકારી અસાધારણ રાજયપત્રમાં તેમજ વડોદરા શહેરની આજુ-બાજુ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા સ્થાનિક દૈનિક વતર્માનપત્ર "દિવ્ય ભાસ્કર", "લોકસત્તા", "ગુજરાત સમાચાર", તેમજ "વડોદરા સમાચાર"માં જાહેરાત કરવામાં આવેલ છે. તેમજ અધિનિમય-૧૯૭૬ ની કલમ-૪૧(૨) હેઠળ આ યોજનાનો ઇરાદો જાહેર કરી તે ૨૧ દિવસની અંદર સરકારશ્રીને અત્રેના પત્ર નં.યુડીએ/પ્લાન-૨/૫/૦૯, તા.૦૫-૦૧-૨૦૦૯ તેમજ પત્ર નં.યુડીએ/પ્લાન-૨/૪/૦૯, તા.૦૫-૦૧-૨૦૦૯ થી પાઠવી આપવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૦ (ઠ)અને (ઠઠ) માં કરેલ જોગવાઈ મુજબ તેમજ સદર બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઇ ઓ અનુસાર સમુચિત સત્તામંડળોના હદ વિસ્તારમાં બનાવવામાં આવતી મુસધ્દારૂપ નગર રચના યોજનાઓ બાબતે, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગના પરિપત્ર ક્રમાંક : પરચ / ૧૦૨૦૦૮/ ૧૮૮૭/૯, તા.૦૧-૦૫-૨૦૦૮ ના મુધ્દા નં.૧ અન્વયે "મુસધ્દારૂપ નગર રચના યોજનામાં આવરી લીધેલ કૂલ વિસ્તારના ૫૦ ટકા જમીન જુદા-જુદા હેતુઓ અને રસ્તાઓ માટે ફાળવી કપાત કરવાની થાય છે."

આમ, છતા ૫૦ ટકા કપાતના ધોરણ કરતા ઓછી કપાત કરવામા આવે ત્યારે જમીનની ફાળવણી ઓછી ટકાવારીમા વિકાસના પ્રકારના આધારે અને લેખિતમા સ્પષ્ટ કારણોની ચોકકસ નોધ કરી ફેરફાર કરવાનો રહે છે. જે વિગત ઉપરોકત બંને નગર રચના યોજનાઓમાં અપનાવેલ છે.

મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તેમજ મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ ના કૂલ વિસ્તારના અંદાજીત ૨૦ ટકા વિસ્તારમાં બિનખેતી હુકમ મેળવી અને વિકાસ પરવાનગી મેળવી તે અનુરૂપ વિકાસ/ બાંધકામ થયેલ હોઇ જેમાં કપાત શકય નથી. જયારે બાકી રહેતા બંને નગર રચના યોજનાના વિસ્તારમાં કપાતનું ધોરણ ૪૦ ટકા સુચિત કરવાનુ યોગ્ય જણાતુ હોઇ સામાન્ય કપાત ધોરણ ૪૦ ટકા સુચીત કરેલ છે. તથા ઉકત બંને મુસધ્દારૂપ નગર રચના યોજનાઓની સુચિત દરખાસ્ત તૈયાર કરવા સારૂ પ્રસિધ્ધ કરેલ ઇરાદાની તારીખે યોજના વિસ્તારની હયાત પરિસ્થિતિ જેવી કે હયાત રસ્તા, તળાવ, કાંસ, ગેસ લાઇન, હાઇ ટેન્શન ઇલેકટ્રીકલાઇન તેમજ સ્થળે ચાલતા બાંધકામની વિગતોની સ્થળ તપાસ કરી સુચિત દરખાસ્તો તૈયાર કરવા ઉપર મુજબની કાયદાકીય જોગવાઇઓ, પરીપત્રની જોગવાઇઓ, હયાત સ્થળ સ્થિતિ, ખુલ્લી જમીન, બિનખેતી થયેલ જમીન, હયાત બાંધકામ, બાંધકામનુ સ્ટેજ, વિગેરે સમગ્ર બાબતો ધ્યાનેલઇ તાંત્રીક દ્રષ્ટીએ શકય તેટલી કપાત કરવાનુ ધોરણ સુચિત કરેલ છે.

આમ ઉપરોકત સમગ્ર વિગતોઓ ગુજરાત નગર રચના અને શહેરી શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ(૪૧)(૩), (ગ), (છ), (જ), (ઠ) અને (ઠઠ) માં સુચવ્યા મુજબની જરૂરી સુચિત દરખાસ્ત તૈયાર કરી, સુચિત રસ્તા તથા સુચિત રસ્તા ઉપર સ્ટ્રીટ લાઇટ અને કાંસ ઉપર સુચિત ચેનલ બનાવવા અંગેના જરૂરી અંદાજો એન્જીયરીંગ શાખામાંથી મેળવી તેમજ યોજના વિસ્તારમાં તેમજ આજુ-બાજુ નજદીકના વિસ્તારમાં થયેલ વેચાણોની વિગતો સબરજીસ્ટારશ્રી ની કચેરીમાંથી મેળવી યોજના વિસ્તાર સાથે સરખાવવા પાત્ર વેચાણો ધ્યાને લઇ યોજના વિસ્તારની જમીનના મુળખંડની જમીનનો ભાવ નકકી કરી તેમજ ફાળવેલ અંતિમખંડની જમીનનો અવિકસીત અને વિકસીત ભાવ નકકી કરી તેના આધારે બંને યોજનઓના ફોર્મ એફ તેમજ સુચિત યોજનાના ખર્ચના અંદાજો તૈયાર કરેલ છે. જે વિગતો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-

વિચારણા રજુ થતા વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા આ બંને નગર રચના યોજનાઓમાં લગભગ ૨૦ ટકા વિસ્તારમાં થયેલ અધિકૃત વિકાસને ધ્યાને લઇ સામાન્ય કપાતનુ ધોરણ ૪૦ ટકા સુચિત કરેલ છે જે યોગ્ય હોવાનુ સર્વે સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ આ અંગે જે બીનખેતી જમીનોમાં ઇરાદો જાહેર થયા તારીખે વિકાસકાર્ય ચાલુ હોય તેવા સંજોગોમાં કપાતના ધોરણ અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરતા મુખ્ય નગર નિયોજકશ્રીનુ મંતવ્ય હતુ કે આ પ્રકારના સંજોગોમાં કપાત ધોરણ અંગે ટુક સમયમાં વિગતવાર નીતી તૈયાર થનાર છે પરંતુ હાલ આ બંને નગર રચના યોજનાની સમયમર્યાદાને ધ્યાને લેતા છેલ્લા બે ત્રણ વર્ષોમાં અન્ય સત્તામંડળ ધ્વારા ઘણી નગર રચના યોજનાઓ તૈયાર કરેલ હોઇ તે મુજબનુ ધોરણ રાખવુ હિતાવહ છે. જેમાં બિનખેતી થયેલ જમીન જે તે નગર રચના યોજનાનો ઇરાદો જાહેર થયા તારીખે ખુલ્લી હોય તો કપાતનુ ધોરણ ૨૦ ટકા રાખવા તથા બિનખેતી થયેલ નિયમોનુસાર વિકાસ પરવાનગી લીધેલ હોય અને વિકાસ પરવાનગીની મુદત ચાલુ હોય તેવી જમીનમાં જે તે નગર રચના યોજનાનો ઇરાદો જાહેર થયા તારીખે વિકાસકાર્ય ચાલુ હોય તે જમીનમાં સ્થળસ્થીતી મુજબ ઉપલબ્ધ થઇ શકે તે મુજબ કપાતનુ ધોરણ રાખવા મુખ્ય નગર નિયોજકશ્રીએ સુચન કરેલ જેમાં સર્વે બોર્ડ સભ્યશ્રીઓ ધ્વારા સર્વસંમતી દર્શાવતા સર્વાનુમતે કપાતનુ ધોરણ તે મુજબ રાખવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૮૦)** વુડા મુસધ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તથા મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ માં થયેલ કાર્યવાહી તથા સામાન્ય કપાતનુ ધોરણ ૪૦ ટકા રાખવાનુ નકકી કરેલ છે. તેને અનુમોદન આપવા તથા બિનખેતી થયેલ જમીન જે તે નગર રચના યોજનાનો ઇરાદો જાહેર થયા તારીખે ખુલ્લી હોય તો કપાતનુ ધોરણ ૨૦ ટકા રાખવા તથા બિનખેતી થયેલ, નિયમોનુસાર વિકાસ પરવાનગી લીધેલ હોય અને વિકાસ પરવાનગીની મુદત ચાલુ હોય તેવી જમીનમાં જે તે નગર રચના યોજનાનો ઇરાદો જાહેર થયા તારીખે વિકાસકાર્ય ચાલુ હોય તે જમીનમાં સ્થળસ્થીતી મુજબ ઉપલબ્ધ થઇ શકે તે મુજબ કપાતનુ ધોરણ રાખવા સુચન કરવામાં આવ્યુ તથા આ અંગે આગળની કાર્યવાહી કરવાની તાંત્રીક બાબતોની સર્વ સત્તા નગર નિયોજકશ્રી વુડાને તથા વહીવટી બાબતોની સર્વે સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપરત કરવા ઠરાવવામાં આવ્યુ.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.